


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 182
Dt.: 08-05-2026,
Friday
Page:04
Rs.00.50 paisa





સોમનાથ ભારતની અજેય સંસ્કૃતિનું પ્રતીક છે.
૧000 વર્ષના વિનાશકારી પ્રહારો બાદ પણ સોમનાથ આજે આપણાં આત્મ-સન્માન અને સાહસનું ઉદાહરણ બની ઊભું છે.
૭૫ વર્ષ પહેલાં લોહપુરુષ સરદાર વલ્લભભાઇ પટેલના સંકલ્પના કારણે આધુનિક સોમનાથનો માર્ગ પ્રશસ્ત થયો.
માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આજે આ પાવનભૂમિ ભારતના સાંસ્કૃતિક પુનરુત્થાનનો ઉદઘોષ કરી રહી છે.

## આ સ્વર્ણિમ અવસરના સાક્ષી બનો

### મુખ્ય કાર્યક્રમો

કળશ યાત્રા | ભજન સંધ્યા | ઓમકાર મંત્રના જાપ | સોમનાથ પુસ્તિકામાં મંત્રલેખન
સોમનાથ સાથે જોડાયેલી કથાઓનું વાંચન

“સોમનાથ આશાનું એ ગીત જે આપણને શીખવાડે છે કે વિનાશની શક્તિ કરતાં સર્જનની શક્તિ ખૂબ જ પ્રબળ હોય છે.”
શ્રી નરેન્દ્ર મોદી, માનનીય વડાપ્રધાન (અધ્યક્ષ, શ્રી સોમનાથ ટ્રસ્ટ)

**શ્રી સોમનાથ મંદિર પરિસર, પ્રભાસ પાટણ | ૮થી ૧૧ મે, ૨૦૨૬**

“સોમનાથ એ આપણી અજેય સાંસ્કૃતિક ઓળખનું પ્રતીક છે. આવો, આ દિવ્ય વિરાસતના ૭૫ વર્ષની ઉજવણીમાં સહભાગી થઈએ.”
— હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી

સોમનાથની દિવ્યતા અને ભવ્યતામાં યોગદાન આપો અને ગૌરવશાળી ઈતિહાસનો ભાગ બનો.
સ્કેન કરો.

# તંત્રી લેખ......

## આત્મનિરીક્ષણને બદલે આરોપોનો આશરો લેવો

પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી પરિણામો વચ્ચે, વિપક્ષી પક્ષ મોરચા ઈન્ડિયાની અંદર સમગ્ર ચર્ચા પશ્ચિમ બંગાળની આસપાસ કેન્દ્રિત હોય તેવું લાગે છે. તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનર્જી અને રાહુલ ગાંધી સહિત અનેક વિપક્ષી નેતાઓએ આરોપ લગાવ્યો કે ભાજપે ચૂંટણી પંચ સાથે મળીને પરિણામોને પ્રભાવિત કરવાનું કાવતરું ઘડ્યું છે. મમતાએ તો એમ પણ કહ્યું કે તેઓ પોતાની હારને "ષડયંત્ર"નું પરિણામ માને છે. નોંધનીય છે કે ૨૦૧૪ પછીની ઘણી ચૂંટણીઓમાં, વિપક્ષી પક્ષોએ તેમની હારના કારણો વિશે ગંભીર આત્મનિરીક્ષણ કરવાને બદલે આરોપોનો આશરો લીધો છે.

૨૦૧૪ માં ભાજપની પ્રચંડ જીત પછી, ઈવીએમ ચેલેન્જનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો, જે દરેક ચૂંટણી હાર પછી સમયાંતરે ફરી ઉભરી આવ્યો છે. જો કે, ચૂંટણી પંચ દ્વારા આયોજિત ૨૦૧૭ માં "ઈવીએમ ચેલેન્જ" માં, કોઈપણ પક્ષ મશીન ચેડાના પોતાના દાવાઓને સમર્થન આપી શક્યો ન હતો. ત્યારબાદ, સુપ્રીમ કોર્ટના નિર્દેશ હેઠળ વીવીપીએટી સિસ્ટમ વધુ વ્યાપક રીતે લાગુ કરવામાં આવી હતી, પરંતુ ઈફસ ચેલેન્જના આરોપો સપાટી પર આવતા રહે છે.

બંગાળમાં, આ મુદ્દો ઈફસ ચેડાના આરોપોથી આગળ વધી ગયો છે. હવે વિપક્ષી પક્ષો આરોપ લગાવે છે કે ચૂંટણી પંચે પહેલા સઘન ચકાસણી પ્રક્રિયા હેઠળ લાખો મતદારોના મતોને નકારી કાઢ્યા હતા, અને પછી ચૂંટણી પંચ અને કેન્દ્રીય દળોએ, ભાજપના ઈશારે, ચૂંટણી ગેરરીતિઓ કરી હતી. જો ચૂંટણી પ્રક્રિયા આટલી વ્યાપક રીતે પ્રભાવિત થઈ શકે, તો તમિલનાડુ કે કેરળ જેવા અન્ય રાજ્યોમાં અલગ અલગ પરિણામો કેવી રીતે બહાર આવ્યા? કોંગ્રેસે કેરળમાં જંગી જીત મેળવી.

વિપક્ષ એ હકીકતને નકારે છે કે બંગાળમાં ભાજપની હાજરી કંઈ નવી નથી. પહેલા, જનસંઘ અને પછી ભાજપે હંમેશા ત્યાં પગપેસારો કરવાનો પ્રયાસ કર્યો છે. ૨૦૧૬ ની વિધાનસભા ચૂંટણીમાં, તેણે ૧૦ ટકાથી વધુ મત મેળવ્યા, જે ૨૦૨૧ માં વધીને ૩૭.૯૭ ટકા થયા અને હવે ૪૫.૮૫ ટકા છે. તૃણમૂલ કોંગ્રેસનો મત હિસ્સો ૨૦૨૧ માં ૪૮.૦૨ ટકાથી ઘટીને ૨૦૨૪ માં ૪૦.૮૦ ટકા થયો. પંદર વર્ષનો સત્તા વિરોધી વિરોધ, ભ્રષ્ટાચારના આરોપો, મુસ્લિમ તુષ્ટિકરણ સામે હિન્દુ ધ્રુવીકરણ, મહિલા સુરક્ષા અને કોંગ્રેસ અને ડાબેરીઓનો તૃણમૂલનો વિરોધ મમતા બેનર્જીની હારના કારણોમાં હતા. ચૂંટણીમાં છેતરપિંડીના આરોપો નવા નથી. તમામ પ્રયાસો છતાં, ચૂંટણી પ્રક્રિયા ક્યારેય સંપૂર્ણપણે દોષરહિત રહી નથી. રસપ્રદ વાત એ છે કે, જ્યારે ૧૯૫૨માં પહેલી ચૂંટણીઓ યોજાઈ હતી, ત્યારે વડા પ્રધાન જવાહરલાલ નેહરુએ ૯ ફેબ્રુઆરી, ૧૯૫૨ના રોજ ચૂંટણી કમિશનર સુકુમાર સેનને પત્ર લખીને જણાવ્યું હતું કે, "ચૂંટણીઓ કેવી રીતે યોજાઈ રહી છે તે અંગે મને સમયાંતરે વિવિધ ફરિયાદો મળી રહી છે....આજે સવારે મને ઉત્તર પ્રદેશથી ફરિયાદ મળી કે અનેક જગ્યાએ મતપેટીઓ બદલવામાં આવી છે અથવા તેમાં છેડછાડ કરવામાં આવી છે." ત્યારબાદના વર્ષોમાં, બિહાર અને તમિલનાડુ સહિત અનેક રાજ્યોમાં ચૂંટણીમાં ગેરરીતિઓ થતી રહી.

૧૯૯૫માં, બિહાર વિધાનસભાની ચૂંટણીઓ દરમિયાન, મુખ્ય ચૂંટણી કમિશનરે પહેલીવાર બૂથ કેપ્ચરિંગ અને હિંસા અટકાવવા માટે અનેક તબક્કામાં ચૂંટણીઓ યોજી હતી. રાજ્યમાં મોટા પાયે અર્ધલશ્કરી દળોની તૈનાતી પણ કરવામાં આવી હતી. તે સમયે લાલુ યાદવે ખુલ્લેઆમ ટીએન શેષન વિરુદ્ધ વાત કરી હતી. બંગાળમાં ચૂંટણી હિંસા ચરમસીમાએ પહોંચી હતી. ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી દરમિયાન, ચૂંટણી હિંસામાં સાત લોકો માર્યા ગયા હતા અને આશરે ૨,૬૫૨ લોકો ઘાયલ થયા હતા. ૨૦૨૧ની વિધાનસભાની ચૂંટણી દરમિયાન, ૩૦૦ થી વધુ હિંસક ઘટનાઓમાં ૫૮ લોકો મૃત્યુ પામ્યા હતા. આ સંજોગોમાં, જો કેન્દ્રીય દળોની હાજરી મતદારોને ડર્યા વગર મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરે તો તેને કેવી રીતે ખોટું ગણી શકાય?

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોના-ચાંદીના વાયદામાં તેજીની આગેકૂચઃ સોનાનો વાયદો રૂ.૯૧૬ અને ચાંદીનો વાયદો રૂ.૮૮૪૫ વધ્યો

## ક્રૂડ તેલનો વાયદો રૂ.૩૫૧ ગબડ્યોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૪૮૯૪.૪૫ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૫૧૪૫૦.૦૫ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૪૪૫૩.૩૮ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૭૧૪૧ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૮૬૩૪૪.૮૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૪૮૯૪.૪૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૫૧૪૫૦.૦૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ મે વાયદો ૩૭૧૪૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૫૦૮.૭૪ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૪૪૫૩.૩૮ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૨૮૮૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૩૮૬૫ અને નીચામાં રૂ.૧૫૨૪૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૨૧૩૨ના આગલા બંધ સામે રૂ.૯૧૬ વધી રૂ.૧૫૩૦૪૮ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૬૧૯ વધી રૂ.૧૨૩૦૭૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૮૫ વધી રૂ.૧૫૪૨૯ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૧૧ વધી રૂ.૧૫૩૦૧૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૨૮૯૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૩૯૪૧ અને નીચામાં રૂ.૧૫૨૬૧૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૨૩૫૨ના આગલા બંધ સામે રૂ.૯૪૮ વધી રૂ.૧૫૩૩૦૦ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૨૫૪૯૯૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૬૨૪૪૩ અને નીચામાં રૂ.૨૫૪૭૨૨ના મથાળે અથડાઈ, રૂ.૨૫૩૨૬૫ના આગલા બંધ સામે રૂ.૮૮૪૫ વધી રૂ.૨૬૨૧૧૦ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.૮૨૪૫ વધી રૂ.૨૬૪૪૫૧ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.૮૧૨૯ વધી રૂ.૨૬૪૪૨૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૩૦૭૭.૮૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.૪.૧ વધી રૂ.૧૩૧૨.૩ના ભાવે બોલાયો હતો. જસત મે વાયદો રૂ.૧.૩ વધી રૂ.૩૪૭.૮૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો રૂ.૨.૭૫ ઘટી રૂ.૩૬૭ના સ્તરે પહોંચ્યો હતો. સીસું મે વાયદો ૧૦ પૈસા ઘટી રૂ.૨૦૦.૨૫ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૭૩૩૦.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૬૩૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૭૬૯ અને નીચામાં રૂ.૪૬૨૧ના મથાળે અથડાઈ, રૂ.૧૨૪ વધી રૂ.૪૭૧૪ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ મે વાયદો બેરલદીઠ રૂ.૯૦૮૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૦૯૪ અને નીચામાં રૂ.૮૬૦૮ના સ્તરને સ્પર્શી, રૂ.૯૦૧૭ના આગલા બંધ સામે રૂ.૩૫૧ ઘટી રૂ.૮૬૬૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૩૫૫ ઘટી રૂ.૮૬૬૭ના




સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૨.૮ ઘટી રૂ.૨૫૫.૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો રૂ.૨.૭ ઘટી રૂ.૨૫૫.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ.૯૮૮ના ભાવે ખૂલી, ૪૦ પૈસા વધી રૂ.૯૮૮ના સ્તરે પહોંચ્યો હતો. એલચી મે વાયદો કિલોદીઠ રૂ.૨૭૫૦ના ભાવે ખૂલી, રૂ.૮ ઘટી રૂ.૨૭૪૨ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૩૮૫૦.૭૦ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૦૬૦૨.૬૭ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૨૩૩૭.૨૩ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૨૧.૩૪ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૧.૭૦ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૮૨.૪૦ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૨૭.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૯૮૩.૫૫ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૩૧૯.૪૧ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૦.૪૬ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૩૩ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૧૨૬૪ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૫૫૦૭ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૬૫૪૬ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૬૫૩૭૦ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૭૧૮૮ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૨૬૪ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૨૫૭૬ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૮૧૩૧૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૬૯૧ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૨૫૨ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૪૬૧૮ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ મે વાયદો ૩૬૯૫૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૭૧૫૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૬૯૫૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૪૧૬ પોઈન્ટ વધી ૩૭૧૪૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૮૪.૭ ઘટી રૂ.૩૦૩ થયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૬ ઘટી રૂ.૯.૨ના ભાવે બોલાયો હતો.

સોનું મે રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૬૪ વધી રૂ.૨૧૬૯ થયો હતો. આ સામે ચાંદી મે રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧૦૫ વધી રૂ.૧૭૨૯ થયો હતો. તાંબું મે રૂ.૧૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૫૩ પૈસા વધી રૂ.૫.૧૮ના ભાવે બોલાયો હતો. જસત મે રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૨૨ પૈસા વધી રૂ.૪.૨ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની મે રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૭૬.૩૫ ઘટી રૂ.૯૩ થયો હતો. નેચરલ ગેસ-મિની મે રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૪ ઘટી રૂ.૯.૫ થયો હતો. સોનું-મિની મે રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૭.૫ વધી રૂ.૮૭૦ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની મે રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧૨૨ વધી રૂ.૧૭૯૦ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ.૮૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૧૨.૩ વધી રૂ.૩૭૨ થયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૨૫ વધી રૂ.૧૩.૭ થયો હતો.

સોનું મે રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૭૭ ઘટી રૂ.૧૬૫૫ થયો હતો. આ સામે ચાંદી મે રૂ.૨૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૯૫.૫ ઘટી રૂ.૧૪૭૪ના ભાવે બોલાયો હતો. તાંબું મે રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૨૫ ઘટી રૂ.૨૦.૬૮ થયો હતો. જસત મે રૂ.૩૫૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૬૪ ઘટી રૂ.૯ના ભાવે બોલાયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની મે રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૬૫.૬૫ વધી રૂ.૨૦૦.૮૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની મે રૂ.૨૫૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૯૫ પૈસા વધી રૂ.૧૦.૯૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની મે રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૬૦ ઘટી રૂ.૧૭૧૮ થયો હતો. ચાંદી-મિની મે રૂ.૨૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૨૭૩.૫ ઘટી રૂ.૭૮૦૦ના ભાવે બોલાયો હતો.

## ઈન્સ્ટાગ્રામ મોડલ્સને અમારા કરતા વધુ મહત્ત્વ મળે છેઃ બ્રોન્ઝ મેડલ વિજેતા ખેલાડીનું દર્દ છલકાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી ઈન્સ્ટાગ્રામ મોડલ્સને અમારા કરતા વધુ મહત્ત્વ મળે છેઃ બ્રોન્ઝ મેડલ વિજેતા ખેલાડીનાં નિવેદનથી ચર્ચા જાગી છે. થોમસ કપમાં બ્રોન્ઝ મેડલ જીતનારા બેડમિન્ટન સ્ટાર સાત્વિકસાઈરાજ રેકીરેડ્ડીનો આક્રોશથી હાલ તો મીડિયા અને સોશિયલ મીડિયા સ્તબ્ધ છે. થોમસ કપ રમીને અમે એરપોર્ટ પર ઉતર્યા ત્યારે કોઈ ઓળખતું નહોતું, સરકાર કે બેડમિન્ટન એસોસિએશન તરફથી પણ કોઈ સ્વાગતમાં ન આવ્યું નહોતું. હું મિત્રો સાથે ડિનર માટે જાઉં તો ટેબલ નથી મળતું, પણ ઈન્સ્ટાગ્રામની કોઈ ફેમસ વ્યક્તિ ત્યાં આવે તો તેનું સ્વાગત કરાય છે. ક્યારેક મને લાગે છે કે બેડમિન્ટન છોડીને ઈન્સ્ટાગ્રામ પર કન્ટેન્ટ ક્રિએટર બની જાઉં. હું પણ ડાન્સ અને ગીતો ગાઈને પૈસા કમાઈશ. ભારતીય બેડમિન્ટન જગતનો ચમકતો સિતારો સાત્વિકસાઈરાજ રેકીરેડ્ડીએ રોષ ઠાલવ્યો છે. થોમસ કપમાં ભારતને બ્રોન્ઝ મેડલ જીતાડ્યા બાદ સ્વદેશ પરત ફરેલી ટીમનું જે રીતે ઉપેક્ષિત સ્વાગત થયું, તેનાથી સાત્વિકનું હૃદય ભરાઈ આવ્યું છે. એક ઈન્ટરવ્યૂમાં સાત્વિકે જણાવ્યું કે, જ્યારે અમે થોમસ કપ રમીને પરત આવ્યા, ત્યારે એરપોર્ટ પર કોઈને ખબર પણ નહોતી કે, અમે બેડમિન્ટન ટીમ છીએ. ઈમિગ્રેશન લાઈન હોય કે ફ્લાઈટ, અમને કોઈ ઓળખતું નહોતું. એરપોર્ટ પર અમારું સ્વાગત કરવા માટે બેડમિન્ટન એસોસિએશન કે સરકારનો એક પણ પ્રતિનિધિ હાજર નહોતો. નેશનલ ટીમ માટે આનાથી વધુ શરમજનક બાબત બીજી કઈ હોઈ શકે કે, ખેલાડીઓએ તેમની કિટ જાતે તૈયાર કરવી પડી? સાત્વિકે ખુલાસો કર્યો કે, અમે થોમસ કપની જર્સી જાતે ડિઝાઈન કરી હતી.

# રાજ્યની વિકાસ યાત્રા અવિરતપણે આગળ વધે તે માટે શોર્ટ ટર્મ અને લોંગ ટર્મ ધ્યેય નિર્ધારિત કરીને 'ટીમ ગુજરાત' આયોજન કરે એ અત્યંત જરૂરીઃ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં ત્રિ-મંદિર અડાલજ ખાતે આયોજિત ત્રિદિવસીય મહેસૂલ વિભાગની ચિંતન શિબિરનો આજે સમાપન સમારોહ યોજાયો હતો.

મહેસૂલ વિભાગની ચિંતન શિબિરમાં અધિકારીઓને સંબોધતા છેલ્લાં પાંચ મહિનાની તેમની શ્રેષ્ઠ કામગીરીને બિરદાવીને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, મહેસૂલ વિભાગે ટ્રાન્સપરન્સી સાથે ચૂંટણી પ્રક્રિયા અને વહીવટી કાર્યોમાં રાત-દિવસ એક કરીને જે ટીમ વર્ક બતાવ્યું છે તે પ્રશંસનીય છે. આ શિબિર દ્વારા સિનિયર અને જુનિયર અધિકારીઓ વચ્ચેનું બોન્ડિંગ મજબૂત બનશે અને આવનારા દિવસોમાં રાજ્યના નાગરિકોને નવી ટેકનોલોજીના માધ્યમથી વધુ ઝડપી સુવિધાઓ પ્રાપ્ત થશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

શ્રી સંઘવીએ 'કલેક્ટર' હોદ્દાને માત્ર જમીન સુધારણા કે લેન્ડ ગવર્નન્સ સુધી સીમિત ન રાખતા, તેમને જિલ્લાના સાચા વડા તરીકે કાર્ય કરવા આહ્વાન કર્યું હતું. તેમણે ભાર પૂર્વક જણાવ્યું હતું કે, વહીવટી પરિવર્તન ત્યારે જ સાર્થક ગણાશે જ્યારે તેનું સીધું ફળ છેવાડાના નાગરિક સુધી પહોંચશે. અધિકારીઓએ ઓફિસના નીતિ-નિયમોની સાથે લોકાભિમુખ અભિગમ અપનાવીને પોતાની જવાબદારીમાં સકારાત્મક બદલાવ લાવવો જોઈએ, જેથી નિવૃત્તિ સમયે લાખો લોકોના જીવનમાં પરિવર્તન લાવ્યાનો આત્મસંતોષ મળી શકે.

જિલ્લાના આર્થિક વિકાસ અંગે ચર્ચા કરતા તેમણે સૂચવ્યું હતું કે, પ્રવાસન અને ઉદ્યોગ ક્ષેત્રે કલેક્ટર કચેરીએ વધુ સક્રિય ભૂમિકા ભજવવી જોઈએ. ખાસ કરીને એમ.એસ.એમ.ઈ. એકમો અને ઈન્વેસ્ટરો માટે જિલ્લા સ્તરે જ વધુ નક્કર વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. આ ઉપરાંત, જિલ્લામાં કાર્યરત મોટી ઈન્ડસ્ટ્રીઝના સી.એસ.આર. (CSR) ફંડનો મહત્તમ લાભ જે-તે જિલ્લાના પછાત કે આદિજાતિ વિસ્તારોના વિકાસ માટે વપરાય તે જોવાની જવાબદારી પણ કલેક્ટરશ્રીઓની છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

કાયદો અને વ્યવસ્થાના સંદર્ભમાં તેમણે અધિકારીઓને ખાસ તાકીદ કરી હતી કે, અસામાજિક તત્ત્વો પર લગામ કસવા માટે 'પાસા' કે 'તડીપાર' જેવી દરખાસ્તો પર નિર્ણય લેતા પહેલા પોલીસ અધિકારીઓને સાંભળવા જોઈએ અને મહત્તમ કડક પગલાં લેવાં જોઈએ. વળી, કલેક્ટર કચેરીની સ્વચ્છતાને પ્રાધાન્ય આપતા તેમણે જણાવ્યું હતું કે, સરકારી કચેરીઓના શૌચાલયો અને પરિસર ખાનગી મિલકતો કરતા પણ વધુ સ્વચ્છ હોવા જોઈએ, જે પ્રજામાં તંત્રની સારી છાપ ઊભી કરે છે.



અંતમાં, શ્રી સંઘવીએ દરેક જિલ્લા માટે અલગ-અલગ મોબાઈલ એપ્લિકેશન બનાવવાને બદલે રાજ્ય સ્તરે એક જ 'કોમન એપ' બનાવવાનો અને બેસ્ટ પ્રેક્ટિસ શેર કરવાનો આગ્રહ કર્યો હતો. તેમણે ખાદ્ય પદાર્થો વેચતી લારીઓ પર ગ્લોવ્સ અને સ્વચ્છતાના નિયમોનું પાલન કરાવવા તેમજ બનાસકાંઠા અને ગીર સોમનાથ જેવા મોડેલ સેન્ટર વિકસાવવા સૂચન કર્યું હતું. તેમણે ભરૂચ જિલ્લાની ઝડપી કામગીરીના ઉદાહરણ સાથે સૌને પ્રોત્સાહિત કર્યા હતા.

શ્રી સંઘવીએ અધિકારીઓને આગ્રહ કર્યો હતો કે, દરેક કલેક્ટરશ્રીઓને માત્ર જમીનના વિષયો પૂરતા મર્યાદિત ન રહીને, જિલ્લાના સર્વાંગી વિકાસના વડા તરીકે જવાબદારી નિભાવવા અને વહીવટમાં સંપૂર્ણ પારદર્શિતા લાવવા સૂચન કર્યું હતું.

મહેસૂલ વિભાગની ચિંતન શિબિરને સંબોધતા અધિક મુખ્ય સચિવ શ્રીમતી ડૉ.જયંતી રવિએ જણાવ્યું હતું કે, રાજ્યમાં નાગરિક કેન્દ્રિત, પારદર્શક અને કાર્યક્ષમ શાસન વ્યવસ્થા ઊભી કરવા માટે મહેસૂલ વિભાગ ટેકનોલોજીના માધ્યમથી મક્કમતાથી આગળ વધી રહ્યો છે. શિબિર દરમિયાન સાત વિવિધ જૂથોમાં થયેલા ગહન મંથનનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું કે, જમીન સંબંધિત સેવાઓના નિયમો અને પ્રક્રિયાઓનું સરળીકરણ (રેગ્યુલેટરી ફ્રેમવર્ક) તેમજ 'ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ના ભાગરૂપે બિનખેતી (NA)ની પ્રક્રિયાને વધુ સુગમ બનાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. ખાસ કરીને શહેરી અને ગ્રામીણ જમીન રેકોર્ડના વ્યવસ્થાપન માટે 'ઈન્સ્પેક્ટર ઓફ લેન્ડ રેકોર્ડ્સ'ની નવી જગ્યાઓ ઊભી કરી ડિજિટાઈઝેશન અને પારદર્શકતા વધારવાનું સરકારનું લક્ષ્ય છે.

શ્રીમતી રવિએ મહેસૂલ વિભાગને 'મધર ઓફ ઓલ ડિપાર્ટમેન્ટ્સ' ગણાવતા જિલ્લા કલેક્ટરોની બહુઆયામી ભૂમિકાની પ્રશંસા કરી હતી. તેમણે ઉમેર્યું કે, વહીવટી તંત્રમાં માત્ર કાર્યક્ષમતા જ નહીં, પરંતુ પ્રામાણિકતા અને નૈતિકતાનું પાલન પણ એટલું જ અનિવાર્ય છે. રી-સર્વેની જટિલ પ્રક્રિયાના ઉકેલ રૂપે વિકસાવવામાં આવેલી 'ભૂમિ સીમાંકન' જેવી સરળ અને સચોટ પદ્ધતિ તેમજ તેની SOP અંગે પણ શિબિરમાં ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત, આપત્તિ વ્યવસ્થાપન અને જમીન સંપાદન જેવી બાબતોમાં આધુનિક વ્યૂહરચના અપનાવી 'વિકસિત ગુજરાત'ના વિઝનને પૂર્ણ કરવા માટે સમગ્ર ટીમ ઉત્સાહ અને ઊર્જા સાથે કાર્યરત હોવાનું તેમણે ગૌરવપૂર્વક જણાવ્યું હતું.

મહેસૂલ વિભાગની ચિંતન શિબિરમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી મમતા વર્માએ જણાવ્યું હતું કે, રાજ્યના સામાજિક-આર્થિક વિકાસ અને 'વિકસિત ગુજરાત'ના વિઝનને પૂર્ણ કરવામાં મહેસૂલ વિભાગની ભૂમિકા અત્યંત નિર્ણાયક છે. તેમણે વિવિધ જિલ્લા કલેક્ટરો દ્વારા ઉદ્યોગો માટે લેન્ડ બેંક પૂરી પાડવા અને પ્રાદેશિક સમિટ અંતર્ગત ૨૫ નવી GIDC માટે આશરે પાંચ હજાર એકર જમીન ફાળવવામાં દાખવેલી સકારાત્મકતા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. શ્રીમતી વર્માએ વધુમાં ઉમેર્યું હતું કે, રોકાણકારોને પાયાના સ્તરે પારદર્શક અને સમયબદ્ધ સુવિધાઓ મળે તે અનિવાર્ય છે. જિલ્લા સ્તરે પ્રશ્નોનો ઝડપી નિકાલ, પ્રોત્સાહનોની સમયસર વહેંચણી અને 'ઈન્વેસ્ટર ફ્રેન્ડલી' અભિગમથી રાજ્યમાં રોકાણકારોનો વિશ્વાસ વધુ મજબૂત બનશે, જે અંતતઃ ગુજરાતને વૈશ્વિક સ્તરે આર્થિક ઊંચાઈઓ પર લઈ જશે.

ઉદ્યોગ કમિશનર શ્રી પી. સ્વરૂપે વિકાસના કાર્યોમાં વહીવટી કાર્યક્ષમતા પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, જમીન સંપાદન જેવી જટિલ પ્રક્રિયાઓ બાદ જ્યારે વડોદરા-સુરત એક્સપ્રેસ હાઈવે જેવા પ્રોજેક્ટ્સ સાકાર થાય છે, ત્યારે તેનું પરિણામ અત્યંત સંતોષકારક હોય છે. તેમણે જિલ્લા વહીવટી તંત્રને સરકારનો ચહેરો ગણાવતા ઉમેર્યું હતું કે, માત્ર હાઈ-પ્રોફાઈલ જમીન સંપાદન કે બિનખેતી (NA) ની મંજૂરીઓ જ નહીં, પરંતુ તંત્રની સાચી ઓળખ સામાન્ય જનતા સાથે જોડાયેલા કામોથી થાય છે.

જિલ્લા વહીવટનો લગભગ ૭૦% હિસ્સો ઈ-ધરા અને જનસેવા કેન્દ્રો સાથે સંકળાયેલો હોવાથી, શ્રી પી. સ્વરૂપે તમામ અધિકારીઓને આ કેન્દ્રો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવા અનુરોધ કર્યો હતો. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, જનસેવા કેન્દ્રોની કામગીરી વધુ સુદ્રઢ અને ઝડપી બનાવવાથી સમગ્ર સરકારી તંત્રની ક્ષમતા, પારદર્શિતા અને લોકોની સુખાકારીમાં મોટો વધારો થશે.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક



RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### રામ ગોપાલ ઘરે આવી કરતો હતો ગર્ભ પરીક્ષણ : સુરતમાં મમતા ના નામે ચાલતી હતી કતલની હાટડી

# આરોગ્ય મંત્રીના શહેર સુરતમાં ગેરકાયદે ગર્ભપાત કરાવવાનુ કૌભાંડ પકડાયું: રામ ગોપાલ ૧૫ હજારમાં કરી આપતો હતો ગર્ભપાત

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરીયાના શહેર સુરતમાં ગર્ભમાં દિકરી હોવાની જાણ થતા ગેરકાયદે ગર્ભપાત કરાવવાના કૌભાંડનો મોટો પર્દાફાશ થયો છે. આરોગ્ય વિભાગ અને પોલીસની સંયુકત કાર્યવાહીમાં મહિલા ભ્રુણ હત્યાના સુવ્યવસ્થિત નેટવર્કનો પર્દાફાશ થયો છે. જેમાં ડોકટરો, દલાલો અને ગેરકાયદે કિલનિક ચલાવનારાઓની સંડોવણી બહાર આવી રહી છે. સમગ્ર કૌભાંડ બહાર આવતા આરોગ્ય વ્યવસ્થાની વિશ્વસનિયતા અને પીસીપીએનડીટી કાયદાના અમલ અંગે ગંભીર સવાલો ઉભા થયા છે.




પ્રાથમિક માહિતી મુજબ આ સમગ્ર નેટવર્ક લાંબા સમયથી કાર્યરત હતુ અને તેમાં ગર્ભમાં બાળકનુ લીંગ જાણી પછી દિકરી હોવાનુ બહાર આવે તો ગર્ભપાત કરાવવામાં આવતો હતો. સુરતના જાણીતા તબીબી વ્યવસાયી રામ ગોપાલ ખંડેલવાલનુ નામ પણ તપાસમાં બહાર આવતા મામલો વધુ ગંભીર બન્યો છે. આરોગ્ય વિભાગે સંબંધિત કિલનિકો અને સેન્ટરોને સીલ કરવાની કાર્યવાહી શરૂ કરી છે. સુત્રોના જણાવ્યા અનુસાર રાજયના આરોગ્યમંત્રીના શહેર સુરતમાં જ આ ચાલતા કૌભાંડને લઈ પ્રજામાં રોષ ઉઠી રહ્યો છે. આરોગ્ય વિભાગને છેલ્લા કેટલાક સમયથી ગેરકાયદે લીંગ નિર્ધારણ અને શંકાસ્પદ ગર્ભપાત અંગે માહિતી મળી રહી હતી. ત્યારબાદ ડીકોય ઓપરેશન અને ટેકનીકલ સર્વેલન્સના આધારે તપાસ શરૂ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન દલાલો મારફતે ગર્ભવતી મહિલાઓનો સંપર્ક કરી ગોપનીય રીતે ટેસ્ટ બાદમાં ગર્ભપાત કરાવવાની વ્યવસ્થા થતી હોવાનુ બહાર આવ્યુ હતું.

તપાસ એજન્સીઓએ કેટલાક મોબાઈલ ચેટ, ટ્રાન્ઝેકશન રેકોર્ડ અને દર્દીઓની વિગતો પણ કબ્જે કરી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર સમગ્ર નેટવર્ક ખુબ જ ગોઠવાયેલા રીતે કામ કરતુ હતું, જેમાં એક રાજયમાંથી બીજા રાજય સુધી દર્દીઓને ખસેડવાની વ્યવસ્થા પણ થતી હતી. જેથી કાયદાની નજરથી બચી શકાય, આ કેસમાં આરોગ્ય વિભાગે અનેક મેડીકલ દસ્તાવેજો અને સોનોગ્રાફી સંબંધિત માહિતી સીલ કરી છે. કેટલાક સ્થળોએ નોધપોથીમાં ગેરરીતીઓ અને રેકર્ડમાં ફેરફારના પુરાવા પણ મળ્યા હોવાનુ કહેવાય છે.

ભારતમાં ગર્ભમાં બાળકનુ લીંગ જણાવવુ અને તેના આધારે ગર્ભપાત કરાવવુ પીસીપીએનડીટી એકટ હેઠળ ગંભીર ગુન્હો ગણાય છે. તેમ છતાં વિવિધ રાજયોમાં સમયાંતરે આવા રેકેટ બહાર આવતા રહ્યા છે. નિષ્ણાંતોના મત અનુસાર દિકરી પ્રત્યેની સામાજિક માનસિકતા, કુટુંબનુ દબાણ અને ગેરકાયદે કમાણીના લોભને કારણે આવા ગુન્હાઓ સંપૂર્ણપણે અટકતા નથી. ગુજરાતમાં પણ અગાઉ અનેક શહેરોમાં લીંગ નિર્ધારણના કેસ બહાર આવ્યા છે. સરકાર દ્વારા નિયમિત ચેકીંગ, સોનોગ્રાફી સેન્ટરોનુ મોનીટરીંગ અને લાયસન્સ ચકાસણી છતાં ગેરકાયદે નેટવર્ક અલગ અલગ રીતે કાર્યરત રહેતા હોવાનુ તપાસ એજન્સીઓ માને છે. સામાજિક કાર્યકરોએ આ ઘટનાને માનવતા વિરૂધ્ધનો ગુન્હો ગણાવી કડક સજાની માંગ કરી છે. મહિલા સંગઠનોનુ કહેવુ છે કે ટેકનોલોજીનો દુરુપયોગ કરી દિકરીઓને જન્મ પહેલા જ મોતને ઘાટ ઉતારવાનો આ પ્રકારનો વ્યવસાય સમાજ માટે ખતરનાક સંકેત આપે છે. આ કેસમાં સૌથી ગંભીર મુદો તબીબી વ્યવસાય સાથે જોડાયેલા લોકોની સંડોવણી છે. સામાન્ય રીતે દર્દીઓ ડોકટરો પર વિશ્વાસ રાખે છે. પરંતુ જો મેડીકલ વ્યવસાય જ ગેરકાયદે ગર્ભપાત અને લીંગ નિર્ધારણમાં સંડોવાય તો સમગ્ર સિસ્ટમ પર અસર પડે છે. આરોગ્ય વિભાગે સંડોવાયેલા ડોકટરોના લાયસન્સ અને રજીસ્ટ્રેશનની તપાસ શરૂ કરી છે. સાથે જ સંબંધિત કિલનિકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે. કેટલાક લોકોની પુછપરછ ચાલુ છે અને આગામી દિવસોમાં વધુ ધરપકડ થવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે.

## ગેનીબેન ઠાકોરના સમર્થનમાં રેલી કાઢવા મામલે ૩ લોકો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ: ગેનીબેન ઠાકોરે પોસ્ટ કરી આપી પ્રતિક્રિયા





પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં હાલ બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોર પર જગદીશ વિશ્વકર્મા દ્વારા કરવામાં આવેલા નિવેદનને લઈ ખુબ રાજકારણ ગરમાયુ છે. જે બાદ કોંગ્રેસ નેતાઓ મેદાનમાં આવ્યા છે અને ગેનીબેન પર જગદીશ વિશ્વકર્મા દ્વારા કરવામાં આવેલા નિવેદન બાદ કોંગ્રેસમાં જોરદાર રોષ જોવા મળી રહ્યો છે. બનાસકાંઠામાં કોંગ્રેસ દ્વારા રેલી કાઢવામાં આવી હતી.

આ રેલી દરમિયાન કેટલાક કાર્યકર્તાઓ અને પોલીસ વચ્ચે ઝપાઝપી થઈ હતી અને ઘર્ષણ સર્જાયુ હતું , અને હવે આજ મામલે એક મહિલા કોંગ્રેસ કાર્યકર્તા સહિત ૩ લોકો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરવામાં આવી છે. જે મામલે હવે ગેનીબેન ઠાકોરે સોશીયલ મીડીયામાં પોસ્ટ કરી પ્રતિક્રિયા આપી છે. ગેનીબેન ઠાકોરે લખ્યુ છે કે થરાદ પોલીસ દ્વારા અમારા ૩ કોંગ્રેસ કાર્યકર મિત્રો સિધ્ધરાજ ચૌહાણ, પ્રધાનજી ઠાકોર અને ગીતાબેન નાયી વિરૂધ્ધ કરવામાં આવેલી ખોટી ફરીયાદ લોકશાહી પર સીધો પ્રહાર છે. સત્યનો અવાજ દબાવવા અને કાર્યકરોને ડરાવવાના આવા પ્રયાસો કયારેય સ્વીકાર્ય નથી, નિર્દોષ કાર્યકરોને તાત્કાલીક ન્યાય મળે , ખોટી ફરીયાદ પર નિષ્પક્ષ તપાસ થાય અને જવાબદારો સામે કડક કાર્યવાહી થાય તે માટે હું જિલ્લા પોલીસવડાને રજુઆત કરૂ છું. તેમજ આ તમામ કાર્યકરોના રક્ષણ માટે અમે તેમની સાથે છીએ.

# આણંદ જિલ્લાના ઉમરેઠ પોલીસ સ્ટેશનમાં પોલીસ જ પીધેલી હાલતમાં: એફઆઈઆર નોંધાવવા ગયેલા ફરીયાદીઓ જ ગભરાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

આણંદ જિલ્લામાં આવેલા ઉમરેઠ પોલીસ સ્ટેશનનો એક શરમજનક વિડીયો વાયરલ થતા પોલીસતંત્રમાં ભારે ચર્ચા શરૂ થઈ છે. રાજયમાં દારૂબંધી કાયદો હોવા છતાં પોલીસ સ્ટેશનની અંદર જ એક પોલીસ કર્મચારી દારૂ પીધેલી હાલતમાં જોવા મળ્યો હોવાનો આક્ષેપ વિડીયોમાં કરવામાં આવ્યો છે.




ઉમરેઠ પોલીસ મથકનો વિડીયો વાયરલ થયો છે. કેટલાક ફરીયાદી તેમની કોઈ પોલીસ ફરીયાદ લખાવવા માટે પોલીસ મથકમાં ગયા હતા અને આ સમયે હરપાલસિંહ નામનો પોલીસ કર્મચારી પીધેલી હાલતમાં જોવા મળ્યો હતો. તે કોન્સ્ટેબલ છે કે હેડ કોન્સ્ટેબલ કે અન્ય કોઈ હોદા પર તે સ્પષ્ટ નથી થયુ, જો કે પોલીસ કર્મચારી થઈ તે પોલીસ સ્ટેશનમાં જ ગેરવર્તણુંક કરી રહ્યો હતો. પોલીસ સ્ટેશનમાં જ અન્ય કર્મચારીઓ પણ હાજર હતા, જે આ પીધેલા પોલીસ કર્મચારીને શાંત કરાવવાનો પ્રયત્ન કરે છે. આ પીધેલો પોલીસ કર્મી નશાની હાલતમાં અપશબ્દોનો પણ ઉપયોગ કરી રહ્યો હતો. તે સમયે કેટલીક મહિલાઓ પણ પોલીસ સ્ટેશનમાં હાજર હતી, નશાની હાલતમાં આ પોલીસકર્મી વાણી વિલાસ કરી રહ્યો હતો. મહત્વની વાત એ છે કે અન્ય એક કર્મચારી તેને રોકવાનો પ્રયાસ કરે છે, જો કે નશાની હાલતમાં ધુત આ પોલીસ કર્મચારીને ઉભા રહેવાનુ પણ ભાન ન હતુ, તે પડી પણ જાય છે, ત્યારબાદ કેટલીક મહિલા કર્મચારી પણ ત્યાં આવે છે અને આ પીધેલા પોલીસ કર્મચારીને ચુપ કરાવવાનો પ્રયાસ કરે છે, તેમ છતાં તે કોઈના કાબુમાં રહેતો નથી, વિડીયોમાં દેખાતી સ્થિતિ મુજબ સંબંધિત પોલીસકર્મી નશાની હાલતમાં બેફામ બોલતો અને અશોભનીય વર્તન કરતો જોવા મળે છે. જેના કારણે પોલીસ વિભાગની શિસ્ત અને વિશ્વસનિયતા પર સવાલો ઉભા થાય છે. ઘટના બહાર આવ્યા બાદ સોશીયલ મીડીયા પર પણ ભારે પ્રતિક્રિયા જોવા મળી હતી અને લોકો પોલીસની જવાબદારી અંગે સવાલો ઉઠાવી રહ્યા હતા.

સવાલ એ પણ થઈ રહ્યો છે કે આ પોલીસ કર્મચારી વિરૂધ્ધ આણંદ પોલીસ કે આણંદ એસપી દ્વારા આ મામલે તપાસ કરવામાં આવશે કે કેમ ? કેમ કે એક તરફ ગુજરાતમાં દારૂબંધીની વાતો કરવામાં આવે છે, આંતરે દિવસે પીધેલાઓ પકડાય છે, ત્યારે નવાઈની વાત એ છે કે પીધેલાઓને પકડવાનુ કામ કરનાર પોલીસ જ આ રીતે પોલીસ સ્ટેશનમાં જ દારૂના નશામાં પકડાય એ ખરેખર કેટલી અયોગ્ય વાત છે. આ વાત પોલીસ માટે જ એક શરમજનક વાત છે. સામાન્ય કોઈ વ્યકિત જો પીધેલી હાલતમાં પકડાય તો તેની સામે કાર્યવાહી થતી હોય છે, જયારે આ તો ખુદ પોલીસ કર્મચારી પીધેલી હાલતમાં છે. તો આ પોલીસ કર્મચારી વિરૂધ્ધ પણ કોઈ ગંભીર કાર્યવાહી થાય છે કે કેમ તે હવે જોવુ રહ્યું.

## જુના વાહનો હવે ભંગાર નહી ગણાય: ૧૫ વરસ પુરા થયા બાદ પણ ૫ વરસ સુધી રોડ રસ્તા પર દોડાવી શકાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

જો તમારી પાસે કાર કે બાઈક છે અને તે ૧૫ વરસ જુની થઈ ગઈ છે. તો હવે તમારે ચિંતા કરવાની જરૂર નથી, સામાન્ય રીતે નિયમ મુજબ ૧૫ વરસ પછી વાહનનુ રજીસ્ટ્રેશન આપોઆપ રદ થઈ જતુ હોય છે. પરંતુ જો તમારી ગાડીની સ્થિતિ સારી હોય તો તમે તેને ફરીથી રજીસ્ટર કરાવીને આગામી ૫ વરસ સુધી ઉપયોગમાં લઈ શકો છો.



જો કે આ નિયમમાં દિલ્હી એનસીઆર માટે અલગ જોગવાઈ છે, જયાં પ્રદુષણને રોકવા માટે ૧૦ વરસ જુની ડીઝલ અને ૧૫ વરસ જુની પેટ્રોલ ગાડીઓ પર સંપૂર્ણ પ્રતિબંધ છે. જો તમે દિલ્હી એનસીઆર સિવાયના વિસ્તારોમાં રહો છો તો તમે તમારી માનીતી ગાડીને જરૂરી પ્રક્રિયા હાથ ધરી ફરીથી રોડ રસ્તા પર દોડાવી શકો છો. વાહનના રી-રજીસ્ટ્રેશન માટેની પ્રાથમિક શરત અને તેની ફીટનેશ છે. આરટીઓ ના અધિકારીઓ દ્વારા ગાડીના એન્જીનની ક્ષમતા, લાઈટ્સ, બ્રેકિંગ સિસ્ટમ અને પ્રદુષણના સ્તરની જીણવટભરી તપાસ કરવામાં આવે છે. જો વાહન આ તમામ માપદંડો પર ખરૂ ઉતરે અને ફીટનેસ સર્ટીફીકેટ મેળવે તો જ રજીસ્ટ્રેશન રીન્યુઅલ ની પ્રક્રિયા આગળ વધે છે. જેમાં જરૂરી દસ્તાવેજો આપવા પડે છે, જેમાં (૧) રી-રજીસ્ટ્રેશન માટેનુ મુખ્ય અરજી ફોર્મ (૨) જુની ઓરીજનલ આરસી બુક (૩) માન્ય પોલ્યુશન અંડર કંટ્રોલ પ્રમાણપત્ર (૪) ગાડીનો ચાલુ હોય તેવો વિમો (૫) વાહન માલીકના પાનકાર્ડની નકલ (૬) આરટીઓ દ્વારા જારી કરાયેલુ પ્રમાણપત્ર.

અરજી ઓનલાઈન કરવામાં આવે છે. જેમાં શરૂઆતમાં ભારત સરકારના સત્તાવાર પરીવહન પોર્ટલ પર જવાનુ રહેશે, ત્યાં **vehicle reated services** વિકલ્પ પસંદ કરી શકો છો અને તમારૂ રાજય અને નજીકની આરટીઓ કચેરી પસંદ કરો, ત્યારબાદ રીન્યુઅલ ઓફ રજીસ્ટ્રેશન ના ઓપ્શન પર કલીક કરો, ત્યારબાદ તમારી ગાડીનો નંબર અને ચેચીસ નંબર દાખલ કરીને ફોર્મ સબમીટ કરો, જરૂરી ફી અને ટેક્ષ ઓનલાઈન ભરો અને ત્યારબાદ વેરીફીકેશન માટે એપોઈન્ટમેન્ટ બુક કરો, તારીખ નકકી થયા બાદ, તમારે નિર્ધારીત સમયે ગાડી લઈને આરટીઓ ઓફીસ પહોચવાનુ રહેશે, ત્યાં અધિકારી ગાડીનુ ફીઝીકલ ઈન્સ્પેકશન કરશે, જો આ બધુ જ નિયમ મુજબ જણાશે તો તમારી આરસી બુકને આગામી ૫ વરસ માટે રીન્યુ કરી આપવામાં આવશે. જુની ગાડીઓ પર સરકાર ગ્રીન ટેક્ષ વસુલે છે, જે રીન્યુઅલ વખતે ભરવાનો રહેશે, આ ઉપરાંત આરસી બુકની મુદત પુરી થવાના ઓછામાં ઓછા ૬૦ દિવસ પહેલા અરજી કરી દેવી હિતાવહ છે. જો તમે મોડુ કરશો તો દર મહિને પેનલ્ટી (દંડ) ભરવો પડી શકે છે. આમ જો તમારી ગાડીની યોગ્ય જાળવણી કરી હોય તો તે માત્ર લોખંડનો ભંગાર નથી, પણ હજુ ૫ વરસ સુધી તમારી સફરનો સાથી બની શકે છે.

## મહેસાણા જિલ્લાના વિજાપુરમાં મધ્યાહન ભોજન યોજનાનુ મસ મોટુ કૌભાંડ પકડાયું: વિજાપુર ની ૬ પ્રાથમિક શાળાઓમાં બાળકોની સંખ્યામાં છેતરપીંડી હોવાનુ બહાર આવ્યું

પ્રતિનિધિ,ગાંધીનગર

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકામાં બાળકોને આપવામાં આવતા મધ્યાહન ભોજન યોજનામાં મોટાપાયે ગેરરીતી થઈ હોવાનો ચોકાવનારો ખુલાસો બહાર આવ્યો છે. વિજાપુર તાલુકાની ૬ જેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકોની હાજરીમાં મોટા પાયે ચેડા કરી સરકારી અનાજ અને ગ્રાન્ટનો દુરુપયોગ કરવામાં આવ્યો હોવાનુ પ્રાથમિક તપાસમાં બહાર આવ્યુ છે. તપાસ દરમિયાન જાણવા મળ્યુ હતુ કે શાળાઓની




વર્ધીબુક અને સરકારના ઓનલાઈન પોર્ટલ એપ્લિકેશન પર દર્શાવવામાં આવેલી બાળકોની સંખ્યામાં મોટો તફાવત હતો, આ ગેરરીતી જુન ૨૦૨૪ થી જાન્યુઆરી ૨૦૨૬ સુધીના સમયગાળા દરમિયાન આચરવામાં આવી હતી. બાળકો વાસ્તવમાં હાજર ન હોવા છતાં તેમની સંખ્યા વધુ બતાવીને ભોજનનો ખર્ચ અને અનાજ મેળવવામાં આવ્યુ હોવાનુ જણાય છે. આ મામલે વિજાપુર મામલતદારે કડક વલણ અપનાવતા અસરગ્રસ્ત ૬ શાળાઓના મધ્યાહન ભોજન સંચાલકોને કારણદર્શક નોટીસ ફટકારી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ અગાઉ આ જ મામલામાં ૧૧ શાળાઓના આચાર્યોને પણ નોટીસ આપવામાં આવી હતી. હાલમાં સંચાલકોએ આપેલા ખુલાસાઓના આધારે નોટીંગ અને હીયરીંગની પ્રક્રિયા ચાલી રહી છે. ત્યારબાદ જવાબદારો વિરૂધ્ધ આકરા પગલા લેવામાં આવશે. શિક્ષણ જગતમાં આ કૌભાંડને લઈને ભારે ચર્ચાઓ જાગી છે.

### વિરોધ પ્રદર્શનને પગલે પ્રક્રિયા હાલ પૂરતી મોકૂફ

## ઘી કાંટા કોર્ટમાં આંતરધર્મીય લગ્નના મુદ્દે થયેલો હોબાળો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદની ઘી કાંટા કોર્ટ આજે (સાતમી મે) પોલીસ છાવણીમાં ફેરવાઈ ગઈ હતી, કારણ કે, એક હિન્દુ યુવતી અને મુસ્લિમ યુવકના લગ્ન રજિસ્ટ્રેશનને લઈને વિશ્વ હિન્દુ પરિષદ (VHP)ના કાર્યકરોએ ઉગ્ર દેખાવો કર્યો હતો. મામલાની ગંભીરતાને જોતા કોર્ટ પરિસરમાં ૫૦થી વધુ પોલીસ જવાનોનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. વિરોધને પગલે હાલ પૂરતી આંતરધર્મીય લગ્ન પ્રક્રિયા મોકૂફ રાખવામાં આવી છે. મળતી માહિતી અનુસાર, એક હિન્દુ યુવતી છેલ્લા બે મહિનાથી નારી સંરક્ષણ ગૃહમાં રહેતી હતી. આજે તેને લગ્ન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા માટે ઘી કાંટા કોર્ટમાં રજૂ કરવાના હતા. આ આંતરધર્મીય લગ્ન રજિસ્ટ્રાર એમ. એમ. સૈયદની કોર્ટમાં થવાના હતા. જોકે, આ અંગેની જાણ થતાં જ VHPના કાર્યકરો મોટી સંખ્યામાં કોર્ટ પરિસરે પહોંચી ગયા હતા અને સૂત્રોચ્ચાર સાથે દેખાવો કર્યો હતો. VHPના જિલ્લા અધ્યક્ષે રજિસ્ટ્રાર એમ. એમ. સૈયદ પર ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, રજિસ્ટ્રાર નિયમ મુજબ લગ્નની નોટિસ બોર્ડ પર લગાવતા નથી અને એકપક્ષીય રીતે મુસ્લિમ યુવકોને સહયોગ આપી રહ્યા છે. સૈયદ સાહેબ અગાઉ પણ આવા અનેક વિવાદાસ્પદ લગ્નો કરાવી ચૂક્યા છે. આજે જ્યારે અમે રજૂઆત કરવા પહોંચ્યા ત્યારે તેઓ જાણી જોઈને રજા પર ઉતરી ગયા હતા. અમે ચાર્જમાં રહેલા અધિકારીને રજૂઆત કરી છે અને હાલ પૂરતું આ લગ્ન અટકાવવામાં આવ્યું છે. આ ઘટનાને લવ જેહાદ ગણાવીને તંત્ર સામે રોષ વ્યક્ત હતો. VHPના જિલ્લા અધ્યક્ષે જણાવ્યું હતું કે, આ લગ્ન માટે હાઈકોર્ટનો ઓર્ડર હોવાથી અમે શાંતિપૂર્ણ રીતે રજૂઆત કરી હતી, પરંતુ રજિસ્ટ્રારની કાર્યપ્રણાલી શંકાસ્પદ છે. અમે સરકાર સમક્ષ માંગ કરી છે કે વિવાદાસ્પદ રજિસ્ટ્રારની તાત્કાલિક સજાકીય બદલી કરવામાં આવે. જો આગામી દિવસોમાં કોઈ કડક કાર્યવાહી કરવામાં નહીં આવે, તો ઉગ્ર આંદોલન કરીશું. કોર્ટ પરિસરમાં કોઈ અપ્રિય ઘટના ન બને તે માટે પોલીસ દ્વારા વિશેષ તકેદારી રાખવામાં આવી હતી અને પોલીસે કોર્ટના દરવાજા પર કડક પહેરો રાખ્યો હતો. હાલમાં આ આંતરધર્મીય લગ્ન પ્રક્રિયા અટકી પડી છે અને આગામી દિવસોમાં આ મામલો વધુ ગરમાય તેવી શક્યતાઓ છે.

શું છે સમગ્ર મામલો :- મહેસાણા જિલ્લામાં અલગ-અલગ ધર્મના ૨૨ વર્ષીય યુવક અને ૨૧ વર્ષીય યુવતી સાથે રહેતા હતા. તેઓને અલગ કરવામાં આવ્યા હતા અને યુવતીને પાલનપુર સ્થિત મહિલા સંરક્ષણ ગૃહમાં રાખવામાં આવી હતી. યુવકે આ બળજબરીપૂર્વકના અલગાવ સામે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. યુવકે તેની પાર્ટનરની કસ્ટડી માંગી હતી અને કોર્ટને જણાવ્યું હતું કે તેઓ લગ્ન કરવા ઈચ્છે છે. હાઈકોર્ટે યુવતીને તેની ઈચ્છા જાણવા માટે બોલાવી હતી. હાઈકોર્ટે ભવિષ્યમાં કોઈ કમનસીબ પરિસ્થિતિ ઊભી થાય તો યુવતીની આર્થિક સુરક્ષા જોખમમાં હોવાની ચિંતા વ્યક્ત કર્યા બાદ યુવકને ૩ લાખ રૂપિયા જમા કરાવવાની તૈયારી દર્શાવતું સોગંદનામું ફાઈલ કરવા જણાવ્યું હતું. હવે આ મામલે આઠમી મે ૨૦૨૬ના રોજ વધુ સુનાવણી યોજાશે.

# સુશાસનના ૮ સ્તંભ અને ડીઝીટલ વર્કફલો: મહેસુલ વિભાગની ચિંતન શિબિર ગુજરાતના વહિવટમાં લાવશે મોટુ પરીવર્તન

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાત સરકાર રાજયને નૈતિક અને નાગરીક તેમજ કેન્દ્રીત શાસન માટે દેશનુ અગ્રણી રાજય બનાવવા માટે મકકમ નિર્ધાર સાથે આગળ વધી રહી છે. વહિવટી તંત્રમાં પારદર્શિતા વધે અને અધિકારીઓ જવાબદારીપૂર્વક કાર્ય કરે તે હેતુથી ગાંધીનગર ખાતે મહેસુલ વિભાગની ચિંતન શિબિર ૨૦૨૬ નુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ શિબિરમાં વહિવટમાં ઓથોરીટીથી જવાબદારી સુધી ની સફર અને નૈતિક મુલ્યોના શુધ્ધિકરણ પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો.



આ ચિંતન શિબિર માત્ર એક બેઠક બનીને ન રહેતા રાજયના વરીષ્ઠ સનદી અધિકારીઓ માટે અનુભવોના આદાન-પ્રદાન અને સુશાસનના નવા આયામો સર કરવાનુ પ્લેટફોર્મ બની હતી, સરકારનો મુખ્ય ઉદેશ સામાન્ય નાગરીકની સમસ્યાઓનો ઝડપી અને નૈતિક રીતે નિકાલ લાવી ગુજરાતને સમગ્ર દેશમાં વહિવટી ક્ષેત્રે એક બેન્ચમાર્ક તરીકે સ્થાપિત કરવાનો છે. સત્ર દરમિયાન અધિક મુખ્ય સચિવ ડો.જયંતિ એસ રવીએ વહિવટમાં નૈતિકતાનુ મહત્વ સમજાવતા ખ્યાતનામ સાહિત્યકાર મનુભાઈ પંચોળી દર્શકના જીવનના ઉદાહરણો ટાંકયા હતા. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે કોઈપણ અધિકારી જયારે નૈતિક મુલ્યોને પ્રાધાન્ય આપે છે ત્યારે જ તે સાચા અર્થમાં જનસેવા કરી શકે છે. વહિવટી તંત્રમાં માત્ર સત્તા હોવી પુરતી નથી, પરંતુ તે સત્તાની સાથે જવાબદારીનુ વહન કરવુ પણ અનિવાર્ય છે.

કૃષિ અને સહકાર વિભાગના અગ્ર સચિવ આર સી મીણાએ સુશાસનના ૮ મુખ્ય સ્તંભો વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યુ હતું. તેમણે આધુનિક યુગમાં ટેકનોલોજીના ઉપયોગ પર ભાર મુકતા જણાવ્યુ હતુ કે એન્ડ ટુ એન્ડ ડીઝીટલ વર્કફલો અપનાવવાથી ભ્રષ્ટાચાર નાબુદ થશે અને પારદર્શિતા વધશે, આ ઉપરાંત તેમણે અધિકારીઓને સ્પીકીંગ ઓડર્સ એટલે કે તર્ક બધ્ધ નિર્ણયો લેવા અનુરોધ કર્યો હતો. જેથી સામાન્ય જનતાને લેવાયેલા નિર્ણયો પાછળના કારણો સ્પષ્ટ થઈ શકે. શિક્ષણ વિભાગના અગ્રસચિવ મીલીંન્દ તોરવણે એ પોતાના પંચમહાલ કલેકટર તરીકેના કાર્યકાળના સંસ્મરણો વાગોળ્યા હતા. તેમણે સમજાવ્યુ હતુ કે કઈ રીતે મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ નૈતિક નિર્ણયો લઈને વહિવટને વધુ લોકભોગ્ય બનાવી શકાય છે. તો બીજી તરફ રેરા અધ્યક્ષ અનિતા કરવાલે ગાંધીજીના જીવનના પ્રસંગો ટાંકયા હતા. તેમણે ગોળ ન ખાવાની પ્રતિજ્ઞાનુ ઉદાહરણ આપીને સમજાવ્યુ હતુ કે નૈતિકતાના સિધ્ધાંતોનુ પાલન પહેલા સ્વયંથી શરૂ કરવુ જોઈએ. આ શિબિરમાં માત્ર સૈધ્ધાંતિક વાતો જ નહી પરંતુ વ્યવહારૂ ઉકેલો પર પણ ચર્ચા થઈ હતી. બેઠકમાં હાજર ઉચ્ચ અધિકારીઓએ રાજયના તમામ જિલ્લા કલેકટરોને ખેડુત ખરાઈ અને ક્ષતિ સુધારણા જેવા પડતર પ્રશ્નોનો યુદ્ધના ધોરણે નિકાલ કરવા સુચના આપી હતી. મહેસુલ વિભાગના આ પડતર કેસોનો ઝડપી નિકાલ એ નાગરીક- કેન્દ્રીત શાસનની દિશામાં અત્યંત મહત્વનુ પગલુ સાબિત થશે.

## અમદાવાદમાં બેઠા-બેઠા અમેરિકન નાગરિકોને છેતરતા પાંચ શખ્સો ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના નરોડા વિસ્તારમાં આવેલ ઈવાન-૩ સોસાયટીના એક ભાડાના ફ્લેટમાંથી પોલીસે બોગસ કોલ સેન્ટર ઝડપી પાડ્યું છે. નરોડા પોલીસે આ કેસમાં પાંચ આરોપીઓની ધરપકડ કરી છે તથા લેપટોપ સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આરોપીઓ ગૂગલ વૉઈસ એપ્લિકેશન મારફતે અમેરિકન નાગરિકોનો સંપર્ક કરતા હતા અને લોન આપતી કંપનીના કર્મચારી હોવાની ખોટી ઓળખ આપતા હતા.

ત્યારબાદ તેઓ પીડિતોને લોન મંજૂર થઈ ગઈ હોવાના બોગસ પત્ર મોકલી છેતરપિંડી આચરતા હતા.

તપાસમાં બહાર આવ્યું છે કે આ આરોપીઓ અગાઉ ગોવા સહિત અન્ય રાજ્યોના કોલ સેન્ટરોમાં કામ કરી ચૂક્યા છે, જ્યાંથી તેમણે આ ઠગાઈની તાલીમ મેળવી હતી. નરોડા પોલીસે તમામ આરોપીઓ સામે છેતરપિંડી અને આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભારતમાં ગરીબો માટે મોંઘુ થયું શિક્ષણ

## શું એને લઈને ગરીબો શિક્ષણથી દૂર થઈ રહયા છે?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ભારતમાં ગરીબો માટે શિક્ષણ મેળવવું અઘરું બની રહ્યું છે તેનું કારણ નીતિ આધારિત અસમાનતાઓ. એક તરફ સરકારી સંસ્થાઓનું ભંડોળ ઓછું કરી દેવાયું છે અને બીજી તરફ ખાનગી શિક્ષણનો ઊંચો ખર્ચ અને કોચિંગ સેન્ટરોની મોંઘીદાટ ફી ગરીબ પરિવારોને પરવડે તેમ નથી. ઉપરાંત શિક્ષણ સામાજિક સ્થિરતા લાવી શકે છે તેવો તેમનો વિશ્વાસ પણ ડગમગી રહ્યો છે.

ત્યારે યાદ કરીએ નહેરુ યુગ, નહેરુના સમયમાં ભારતમાં ગરીબો શિક્ષણને મહાન સ્તરીકરણ માનીને એક સરળ ક્રાંતિકારી વિચારમાં વિશ્વાસ રાખતા હતા. "પઢ જાયેંગે તો બઢ જાયેંગે" ("ભણીશું તો આગળ વધીશું") તેમના માટે શિક્ષણ જાતિ, ગરીબી, જન્મના વારસાગત ગેરફાયદામાંથી બહાર નીકળવાનો માર્ગ હતો.

ભારતના બંધારણમાં પણ ગરીબ અને વંચિત નાગરિકો માટે શિક્ષણને વચન તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યું હતું. એક સમયે જાહેર યુનિવર્સિટીઓ,IITS, IIMS, સરકારી મેડિકલ કોલેજો ફક્ત સંસ્થાઓ ન હોતી. તે સામાજિક ગતિશીલતાની ભૌતિક રચના હતી. પરંતુ નીતિગત વલણના પરિણામે આજે ભારતના ગરીબ અને વંચિત લોકોનો શિક્ષણમાં જે વિશ્વાસ હતો તે ડગમગી રહ્યો છે.

બે દાયકા પહેલા શિક્ષણના ખાનગીકરણના વ્યાપમાં જે વધારો થયો હતો તેને ભાજપના ૧૨ વર્ષના શાસનમાં જાણી જોઈને વેગ આપવામાં આવ્યો છે.

વ્યુહરચના એ રીતે કરવામાં આવી કે શિક્ષણ ગરીબોની પહોંચથી દૂર થઈ જાય. એક સ્થિર પગાર સાથે શિક્ષણનો અતિ મોંઘો ખર્ચ આજે




માણસને વધારે ને વધારે ગરીબ બનાવી રહ્યો છે. ઉચ્ચ શિક્ષણમાં ખાનગી મૂડીનો પ્રવેશ ૧૯૯૦ ના દાયકાના અંતમાં શરૂ થયો અને ૨૦૦૦ના દાયકા સુધીમાં તો તેમાં વેગ આવી ગયો. ગણતરી એવી હતી કે, ખાનગી મૂડીના પ્રવાહથી શિક્ષણમાં વધુ સારી ગુણવત્તા મળશે પરંતુ છેલ્લા ત્રણ દાયકામાં તે ગણતરી તદ્દન મૂર્ખામીભરી સાબિત થઈ છે.

# બંગાળમાં જીતના જશ્નમાં જંગલરાજનો અહેસાસ?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દેશના વિવિધ રાજ્યોની હાલમાં જ થયેલી ચૂંટણીઓ પછી પશ્ચિમ બંગાળમાં સત્તા પલટો થયો અને બંગાળના ઈતિહાસમાં કદી પણ સત્તા ન મેળવી શકેલા એક પક્ષને બંગાળનું સિંહાસન મળ્યું છે એટલે આ પક્ષ (ભાજપ)ના કાર્યકરો અને નેતાઓમાં જીતનો ઉભરો આવે એ સ્વાભાવિક ગણાય પરંતુ કમનસીબે વિજયને પચાવી ન શકેલા.

વિજેતા ભાજપ પક્ષના નેતાઓ અને કાર્યકરોએ જે રીતે વિજયની ઉન્માદી ઉજવણી કરી છે તેના કારણે સમગ્ર બંગાળ હિંસાની આગમાં સપડાઈ ગયું છે. અને એને કારણે સભ્ય અને સંસ્કારી સમાજ એ બંગાળનો હોય કે અન્ય કોઈપણ રાજ્યનો તેના મનમાં દહેશત,ભય અને ચિંતાનું લખલખુ પસાર થઈ રહ્યું છે. સૌના હોઠ ઉપર એક જ સવાલ દેખાઈ રહ્યો છે કે બંગાળનું હવે શું થશે? જે પ્રકારે મધ્યયુગમાં આક્રમણખોર સેનાઓ કોઈપણ પ્રદેશ જીતી લીધા પછી ત્યાં મોતનું તાંડવ સર્જી દેતી હતી અને પોતાની પાછળ વ્યાપક તબાહી તથા બરબાદીના દ્રશ્યોની વણઝાર છોડી જતી હતી બરાબર એ જ ઢબથી વિજેતા પાર્ટી ભાજપના કાર્યકરો અને તકનો લાભ લઈ રહેલા અપરાધી હિંસક પરિબળો હિંસાનો નગ્ન નાચ ખેલી રહ્યા છે.

આ દેશમાં કેટલીય ચૂંટણીઓ આવી અને ગઈ અને આવતી રહેશે એટલે ચૂંટણીમાં હાર-જીત તો ચાલ્યા કરતી હોય છે. આજે એક પક્ષ સત્તા પર છે તો કાલે બીજો આવી શકે છે. તેનું નામ જ સાચી લોકશાહી કહેવાય. પરંતુ પશ્ચિમ બંગાળમાં તાજેતરની વિધાનસભાની ચૂંટણીઓ પછી સત્તા પલટો થયો અને બંગાળના ઈતિહાસમાં જે પ્રમાણે હિંસાની હુતાશની શરૂ થઈ એનાથી બંગાળની આગવી ઓળખ,સંસ્કૃતિ અને સંસ્કાર જગત ઉપર ખતરો ઉભો થયો છે.

આમ વિજય પચાવી ન શકેલા ભાજપના ઉન્માદી કાર્યકરોએ તોફાની તત્વોની સાથે મળીને બંગાળને અરાજકતાની આંધીમાં ધકેલી દીધુ છે. જો કેન્દ્ર સરકાર બંગાળની પરિસ્થિતિને કાબૂમાં લેવા અને હિંસાની જવાળાઓને ઠારવાને બદલે આડુ જોઈ જશે તો બંગાળ બીજું મણીપુર બની જશે તેમાં શંકા ને કોઈ સ્થાન નથી. અને જો આજ પરિસ્થિતિ રહી તો એ લોકશાહી માટે પણ ભયજનક હશે.

# મંત્રી પ્રવીણ માળીએ પ્રજાના કામો કરવા માટે હાથ અધ્ધર કરી દેતા પ્રજામાં રોષ: જીએસઆરટીસીની સત્તા મારી પાસે નથી એમ ડી પાસે છે: મંત્રી પ્રવીણ માળી

પ્રતિનિધિ,ગાંધીનગર

સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ અગાઉ મત માંગવા ગયેલા ભાજપના નેતાઓને પ્રજાના રોષનો ભોગ બનવુ પડયુ હોવા છતાં ભુપેન્દ્ર પટેલની સરકારના મંત્રીઓએ જાણે પ્રજાના કામો ન કરવાના સોગંદ લીધા હોય તેવુ મંત્રીઓના જવાબો પરથી લાગી રહ્યુ છે.

બનાસકાંઠા જિલ્લાના ડીસા મત વિસ્તારના ધારાસભ્યને પ્રજાએ ચુંટણીઓમાં જંગી જીત અપાવ્યા બાદ હવે ભુપેન્દ્ર પટેલની સરકારમાં વાહન વ્યવહાર અને વન પર્યાવરણનો હવાલો સંભાળતા મંત્રી નજીકના દિવસોમાં આરએફઓ ની બદલીઓમાં વિવાદમાં આવ્યા બાદ ફરી પ્રજાના કામો ન કરવા માટે ઉડાઉ જવાબો આપતા હોવાની ફરીયાદો ઉઠી રહી છે. મળતી માહિતી અુસાર ભાજપ સરકારના એક મંત્રી દ્વારા પ્રજાના કામ કરવા માટે મંત્રી પ્રવીણ માળીને ભલામણ કરવામાં આવી હતી. જે ભલામણના આધારે મંત્રી પ્રવીણ માળી દ્વારા ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ (જીએસઆરટીસી) ના એમડી ને



ભલામણ કરવામાં આવી હતી. મંત્રી પ્રવીણ માળી દ્વારા ભલામણ કર્યાના બે થી ત્રણ મહિનાઓ વીતી જવા છતાંય કામ ન થતા અંતે આ અંગે પ્રવીણ માળીને કામ ન થયુ હોવાની રજુઆત કરતા મંત્રી પ્રવીણ માળીએ મીડીયાની હાજરીમાં સંભળાવી દીધુ હતુ કે જીએસઆરટીસી ની સત્તા મારી પાસે નથી. સત્તા એમડી પાસે છે,

આમ પ્રજાએ જંગી બહુમતીથી જીતાડી ધારાસભ્ય બનાવ્યા બાદ મંત્રી મંડળમાં સ્થાન મળતા મંત્રીઓ એ પ્રજાના કામો કરવાને બદલે પ્રજા સાથે બેહુદુ વર્તન દાખવી કામ કરવા માટે હાથ અધ્ધર કરી દેતા મંત્રી પ્રવીણ માળીને ભલામણ કરનાર મંત્રીમાં નારાજગી વર્તાઈ જવા પામી છે.મંત્રીએ એ સમજી લેવુ જોઈએ કે પ્રજાએ કામ કરવા માટે ધારાસભ્ય બનાવ્યા છે. નહી કે ઉડાઉ જવાબો સાંભળવા, આ શબ્દો તમારા મુખ્યમંત્રીની પારદર્શક છબીને ખરડાવી રહ્યા છે. વાહન વ્યવહાર મંત્રી જો વાહન વ્યવહાર વિભાગની કામગીરી માટે હાથ અધ્ધર કરી દેશે તો રાજયની ૫ કરોડ જનતા કોની પાસે વાહન વ્યવહાર વિભાગની ફરીયાદ લઈને જશે તે એક મોટો સવાલ પ્રજામાં ઉઠી રહ્યો છે.

# ચુંટણી પૂર્ણ થતા જ વિવાદો શરૂ: કોંગ્રેસે ભાજપ ના ઉમેદવાર વિરૂધ્ધ ખોટી ડીગ્રી ના આક્ષેપ કર્યા: ડોકટરની ખોટી ડીગ્રી દર્શાવી

પ્રતિનિધિ,ગાંધીનગર

સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ હેમખેમ પુરી થઈ ગઈ છે. આ ચુંટણીના પરીણામ પણ આવી ગયા છે, પરંતુ કેટલાક વિવાદો હજુ પણ યથાવત છે. અમદાવાદના નરોડા વોર્ડમાં જીતેલા ભાજપના ઉમેદવાર ઉપર ડીગ્રી મામલે ગંભીર આક્ષેપ લાગ્યા છે. આ અગાઉ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનની ચુંટણીમાં કુબેરનગર વોર્ડમાંથી વિજેતા બનેલા કોંગ્રેસના ઉમેદવાર કલ્પના કોડેકર વિરૂધ્ધ બોગસ એલસીના ઉપયોગનો મામલો બહાર આવ્યો હતો.



નરોડા વોર્ડના ભાજપના ઉમેદવાર ચંદા પટેલે ડોકટરની બોગસ ખોટી ડીગ્રી દર્શાવી છે. તેવા આક્ષેપ કોંગ્રેસે લગાડયા છે. કોંગ્રેસ પ્રવકતા હેમાંગ રાવલે આકરા પ્રહારો કરતા કહ્યુ હતુ કે ચંદા પટેલની ડોકટરની ડીગ્રી બોગસ છે. તેમણે ખોટા દસ્તાવેજો બનાવીને પોતાને ડોકટર દર્શાવીને મતદારોને ગેરમાર્ગે દોર્યા છે. આ બાબત સીધી છેતરપીડીં અને ગંભીર ગુન્હો છે. તેમણે ડોકટર શબ્દોનો દુરુપયોગ કર્યો છે, સાથે એવા પણ આક્ષેપ કર્યા છે કે ચંદા પટેલે દસ્તાવેજમાં જે સંસ્થા દર્શાવેલી છે તે ખરેખર અસ્તિત્વમાં જ નથી, આ મામલે કોંગ્રેસના ઉમેદવાર રહેલા જીગર વ્યાસે પોલીસમાં ફરીયાદ આપી છે અને ચંદા પટેલનુ સભ્યપદ રદ કરીને ફોજદારી કાર્યવાહીની માંગ કરી છે. આ ઉપરાંત કોંગ્રેસે પોલીસની કામગીરી પર સવાલો ઉઠાવતા કહ્યુ હતુ કે અમારા વિરૂધ્ધ તાત્કાલીક એફઆઈઆર દાખલ થાય છે. પરંતુ ભાજપના ઉમેદવાર વિરૂધ્ધમાં પુરાવા હોવા છતાં એફઆઈઆર હજુ સુધી નોંધાઈ નથી.

મહત્વનુ છે કે આ મામલે કોગ્રેસે સુપ્રિમ કોર્ટ સુધી લડત ચલાવવાની તૈયારી બતાવી છે. હવે ડીગ્રીના વિવાદ અંગે શું સ્પષ્ટતા થાય છે તે હવે જોવુ રહ્યું. મ્યુનિસીપલ કમિશ્નર અને કલેકટરને પણ રજુઆત કરવામાં આવી છે. કોંગ્રેસે કહ્યુ હતુ કે લોકશાહી અને મતદારોના વિશ્વાસ સાથે છેતરપીડીં સહન નહી થાય.

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં પદાધિકારીઓની નિમણુંકની ફાઈલ હવે મોદીના કાર્યક્રમ બાદ હાથ ઉપર લેવાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ચુંટાયેલા જન પ્રતિનિધિઓના નામ ગેઝેટમાં પ્રસિધ્ધ થઈ ગયાના એક અઠવાડીયા બાદ પદાધિકારીઓની નિયુકિત માટે બોર્ડ બેઠકના એજન્ડા પ્રસિધ્ધ કરાયા નથી, પાર્લામેન્ટ્રી બોર્ડ મંગળવાર સુધી મોકુફ રાખવામાં આવતા હવે આગામી અઠવાડીયે નિમણુંકની શકયતા નહીવત હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે.




સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ગુજરાતની જનતાએ ઉદાર હૈયે મત આપી ભાજપને વિજેતા બનાવ્યુ છે. ચુંટાયેલા જન પ્રતિનિધિઓના નામ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થઈ ગયા છે, છતાં એકપણ મહાનગરપાલિકા , જિલ્લા પંચાયત, નગરપાલિકા કે તાલુકા પંચાયતમાં પદાધિકારીઓની નિમણુંક કરવા માટે રાજય સરકાર દ્વારા બોર્ડ બેઠક બોલાવવાની તારીખ જાહેર કરતો એજન્ડા પ્રસિધ્ધ કરવાની સુચના આપવામાં આવી નથી. તો બીજી તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી સોમવારે ૧૧ મે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. તેઓના રોડ શો, જાહેરસભા સહિતના આયોજન ગોઠવવા માટે પ્રદેશ ભાજપ દ્વારા પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક મંગળવાર સુધી સ્થગિત કરી દેવામાં આવી છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ માટે ગઈ તારીખ ૨૬ એપ્રિલના રોજ મતદાન યોજાયા બાદ ૨૮ મી એપ્રિલના રોજ મતગણતરી હાથ ધરવામાં આવી હતી. ચુંટણી પરીણામ આવ્યા બાદ ૩૦ મી એપ્રિલના રોજ જન પ્રતિનિધિ તરીકે ચુંટાયેલા તમામ વ્યકિતઓના નામ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરી દેવામાં આવ્યા હતા. સામાન્ય રીતે ગેઝેટમાં નામ પ્રસિધ્ધ થયા બાદ તુરંત રાજય સરકાર દ્વારા પદાધિકારીઓની નિયુકતી માટે બોર્ડ બેઠક બોલાવવાની સુચના આપી દેવામાં આવતી હોય છે.

પરંતુ નામ ગેઝેટમાં પ્રસિધ્ધ થયાના એક અઠવાડીયા બાદ પણ હજુ બોર્ડ બેઠક બોલાવવા માટે કોઈ જ સુચના આપવામાં આવી નથી. તો બીજી તરફ પદાધિકારીઓની વરણી માટે ગઈ કાલથી પ્રદેશ ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક શરૂ કરવામાં આવી હતી. દરમિયાન આગામી રવિવાર અને સોમવારના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી માદરે વતન ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ જામનગર, સોમનાથ , વડોદરા અને ગાંધીનગરની મુલાકાત લેવાના છે. વડાપ્રધાનના ગુજરાત પ્રવાસની તૈયારીઓને ધ્યાનમાં રાખી પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક સોમવાર સુધી સ્થગિત રાખવાનો ગઈ કાલે બપોરે નિર્ણય લેવામાં આવ્યો હતો. હવે આગામી મંગળવારથી ફરી અલગ અલગ ઝોન અને જિલ્લા કે મહાનગરોનો વારો લેવામાં આવશે. જે ૩ દિવસ સુધી ચાલશે. આવામાં આવતા અઠવાડીયે પણ પદાધિકારીઓની નિયુકતી થઈ જાય તેવી શકયતા ખુબ જ નહીવત દેખાઈ રહી છે. જો કે નિયમોમાં થોડો સુધારો કરવામાં આવ્યો છે. પદાધિકારીઓની નિયુકતી માટેનુ બોર્ડ બોલાવવા માટે ૭ દિવસના બદલે માત્ર ૩ દિવસ અગાઉ એજન્ડા પ્રસિધ્ધ કરાશે. જેને ધ્યાનમાં રાખી એક શકયતા એવી પણ દેખાઈ રહી છે કે આવતા અઠવાડીયે મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયતોના પદાધિકારીઓની નિયુકતી થઈ શકે છે. જયારે નગરપાલિકા અને તાલુકા પંચાયતોમાં ૧૮ મી મે બાદ બોર્ડ બેઠક બોલાવવા અંગે નિર્ણય લેવાઈ શકે છે. હવે આગામી ૩ દિવસ પદાધિકારીઓની નિયુકતી માટેની કોઈ જ પ્રકારની કાર્યવાહી હાથ પર લેવામાં આવશે નહી.

# ગુજરાતમાં મે મહિનામાં આકરી ગરમી પડવાની આગાહી: ૭ જિલ્લામાં ગરમીનો પારો ૪૦ ડીગ્રીને પાર કરી જશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના ૭ જિલ્લામાં ગરમીનો પારો ૪૦ ડીગ્રીને પાર કરી જશે, માવઠા બાદ હવે આકરો બફારો અકળાવશે, મે માં આકરી ગરમી પડવાની આગાહી કરવામાં આવી છે.

રાજયમાં છેલ્લા બે દિવસથી સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં જોવા મળેલા વરસાદી માહોલ બાદ હવે વાતાવરણ સંપૂર્ણપણે બદલાયુ છે. માવઠાની અસર ઓસરતાની સાથે જ ગરમીએ પોતાનો મિજાજ બતાવવાનુ શરૂ કર્યુ છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજયના ૭ શહેરોમાં તાપમાનનો પારો ૪૦ ડીગ્રીને વટાવી ગયો છે, જેના કારણે હવે આકરો ઉનાળો શરૂ થયો હોય તેવો અહેસાસ થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલા આંકડા મુજબ સૌરાષ્ટ્રનુ રાજકોટ ૪૨.૯ ડીગ્રી તાપમાન સાથે દેશનુ સૌથી ગરમ શહેર નોંધાયુ હતું, તે સિવાય અમરેલી, સુરેન્દ્રનગર અને વડોદરામાં પણ



ગરમીનુ જોર વધુ જોવા મળ્યુ છે. ગઈ કાલે ભાવનગર, ગીર સોમનાથ, મહિસાગર, હિંમતનગર, ભરૂચ, સહિતના જિલ્લાઓના છુટાછવાયા સ્થળોએ કમોસમી વરસાદ ખાબકયો હતો. ભારે પવનને કારણે વૃક્ષો પડવાની પણ ઘટનાઓ બનવા પામી હતી. વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. પણ લોકોને બફારાનો સામનો કરવો પડી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હવે રાજયમાં વરસાદી વાદળો વિખેરાઈ ગયા છે. આગામી ૧૨ મે સુધી સમગ્ર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ અને દિવદમણમાં હવામાન મુખ્યત્વે સુકુ રહેશે. જે જિલ્લાઓમાં વાવાઝોડા અને પવનની ચેતવણી હતી ત્યાં હવે પવનની ગતિ સામાન્ય થઈ છે. પરંતુ તેની સાથે તાપમાનમાં વધારો થયો છે. તાપમાન વધવાની સાથે દરીયાકાંઠાના વિસ્તારોમાં બફારો પણ વધ્યો છે. સુરત, દમણ અને વેરાવળ જેવા વિસ્તારોમાં તાપમાન ભલે ૪૦ ડીગ્રી નીચે હોય પરંતુ ભેજને કારણે અસહ્ય અકળામણ અનુભવાઈ રહી છે. છુટાછવાયા સ્થળોએ હજુ પણ વરસાદની સંભાવના હોવાથી ખેડુતો કેરીના ઉતારા અને ઉનાળુ પાકની લણણી સાવધાની સાથે કરે, સાથે જ ગરમીનો પારો સતત વધી રહ્યો હોવાથી બપોરના સમયે લોકોએ સીધા તડકાથી બચવા અને વધુ પ્રમાણમાં પ્રવાહી લેવા માટે આરોગ્ય વિભાગ દ્વારા સલાહ આપવામાં આવી છે.

# અમદાવાદમાં બે કટ બંધ કરવામાં આવ્યા: નાના ચિલોડા સર્કલ પર ટ્રાફિક જામની સમસ્યાનો આખરે અંત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલા નાના ચિલોડા સર્કલ પર વર્ષોથી ચાલતી ટ્રાફિકની જટિલ સમસ્યાને ઉકેલવા માટે અમદાવાદ ટ્રાફિક પોલીસે એક નવો એક્શન પ્લાન અમલમાં મૂક્યો છે. દરરોજ લાખો વાહનોની અવરજવરથી ધમધમતા આ સર્કલ પર ટ્રાફિકનું ભારણ ઘટાડવા માટે પોલીસ દ્વારા જૂના બે કટ બંધ કરી નવા વૈકલ્પિક માર્ગો શરૂ કરવામાં આવ્યા છે.

મળતી માહિતી અનુસાર, નાના ચિલોડા સર્કલ એ શહેરનું પ્રવેશદ્વાર હોવાથી અહીં વાહનોનું ભારણ અત્યંત વધારે રહે છે. પોલીસના સર્વે મુજબ આ સર્કલ પરથી દરરોજ લાખો વાહનો પસાર થાય છે. આ જંગી દબાણને કારણે સર્જાતા કલાકોના ટ્રાફિક જામમાંથી મુક્તિ અપાવવા માટે પોલીસ મહત્ત્વનું પગલુ ભર્યુ છે.

કયા ફેરફારો કરવામાં આવ્યા?

●ટ્રાફિક પોલીસે નિષ્ણાતોના અભિપ્રાય બાદ સર્કલની ડિઝાઈનમાં મહત્વના ફેરફારો કર્યા છે.

●સર્કલ પાસે સીધા અવરોધ ઉભા કરતા બે મુખ્ય કટને સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યા છે.

●વાહનોની સરળતા માટે નરોડા GIDC તરફ જવાના માર્ગ પર અંદાજે ૨૦૦ મીટર આગળ નવો કટ આપવામાં આવ્યો છે.

●નાના ચિલોડાથી રિંગ રોડ તરફ આવતા વાહનચાલકો માટે બ્રિજ નીચે ડાબી બાજુએ એક વધારાનો કટ શરૂ કરવામાં આવ્યો છે. આ નવી વ્યવસ્થા કેટલી કારગત નીવડી રહી છે તેની સમીક્ષા કરવા માટે ખુદ અમદાવાદ શહેર પોલીસ કમિશનરે નાના ચિલોડા સર્કલની મુલાકાત લીધી હતી. તેમણે સ્થળ પર હાજર રહીને ટ્રાફિકના ફ્લોનું નિરીક્ષણ કર્યું હતું અને જરૂરી સૂચનાઓ આપી હતી.

નવી સિસ્ટમ અમલમાં આવ્યા બાદ સર્કલ પર વાહનોની ગતિમાં સુધારો જોવા મળ્યો છે. અગાઉ જ્યાં પીક અવર્સમાં ૨૦થી ૩૦ મિનિટનો સમય વેડફાતો હતો, ત્યાં હવે વાહનો સરળતાથી પસાર થઈ રહ્યા છે. સ્થાનિક રહીશો અને દરરોજ અવરજવર કરતા વાહનચાલકોએ ટ્રાફિક વિભાગના આ નિર્ણયને આવકાર્યો છે.







# આણંદના એક મોલમાં સ્પાની આડમાં ચાલતું હાઈપ્રોફાઈલ સેક્સ રેકેટ ઝડપાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)આણંદ

આણંદ એસ.ઓ.જી. પોલીસે એક મોટી કાર્યવાહી હાથ ધરીને શહેરના પોશ વિસ્તારમાં આવેલા શાન મોલમાં ચાલતા કુટણખાનાનો પર્દાફાશ કર્યો છે. પોલીસે 'ધી વન એ લીલી સ્પા એન્ડ ગ્રુપ વેન્ચર' નામના સ્પા સેન્ટર પર દરોડો પાડયો હતો. જેમાં વિદેશી યુવતીઓ પાસે દેહવિક્રય કરાવતા મોટા સેકસ રેકેટને ઝડપી પાડીને થાઈલેન્ડની ૮ યુવતીઓ સહિત ૧૪ જણાંને ઝડપી પાડીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. આણંદ શહેર અને સાક્ષર નગરી વિદ્યાનગરમાં છેલ્લા કેટલાય સમયથી સ્પા સેન્ટરની આડમાં અનૈતિક પ્રવૃત્તિઓ ફૂલીફાલી હોવાની ફરિયાદો અવારનવાર મળતી રહે છે. આ દરમિયાન આણંદની એસઓજી પોલીસને બાતમી મળી હતી કે આણંદ શહેરમાં સરદાર પટેલ રાજમાર્ગ પર આવો શાન મોલમાં પ્રથમ માળે આવેલા ધી વન એ લીલી સ્પા એન્ડ ગ્રુપ વેન્ચર'નામના સ્પા સેન્ટરમાં ગ્રાહકોને આકર્ષવા માટે ખાસ વિદેશથી યુવતીઓ બોલાવવામાં આવે છે. જે બાતમીનાં આધારે એસઓજી પોલીસે આ સ્થળે છાપો મારતાં સ્પામાંથી થાઈલેન્ડની ૮ યુવતીઓ અને એક ભારતીય યુવતી મળી આવી હતી.તેમજ ત્રણ ગ્રાહકો પણ રંગરેલીયા મનાવતા ઝડપાયા હતા, પોલીસે સ્પા સેન્ટરની આડમાં સેકસ રેકેટ ચલાવતા બે સંચાલકોની પણ ધરપકડ કરી હતી.આ સ્પા સેન્ટર કેટલા સમયથી ચાલતું હતું અને આ પોશ વિસ્તારમાં આ પ્રકારની અનેતિક પ્રવૃત્તિઓની પાછળ કોણ મુખ્ય સૂત્રધાર છે તેમજ અગાઉ આવા ગુનાહિત કૃત્ય માં સંડોવાયેલા છે કે નહિ તે બાબતે એસઓજી પોલીસે વધુ પૂછપરછ તેમજ ગુનો દાખલ કરવા માટે કાર્યવાહી હાથ ધરી છે.